# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : WEDNESDAY** **National News**

### સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

******************************************************

1) આજે દેશભરમાં સંવિધાન હત્યા દિવસ મનાવાઇ રહ્યો છે ત્યારે તત્કાલિન પ્રધાનમંત્રી ઇન્દીરા ગાંધીએ સત્તા બચાવવા કટોકટી લાદી હોવાનો કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહનો આક્ષેપ
2) પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ મોરેશિયસના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષિય સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા વાતચિત કરી
3) ભારત અને સંયુક્ત રાષ્ટ્ર સંઘે ઇરાન-ઇઝરાયેલ વચ્ચેના યુધ્ધ વિરામનું સ્વાગત કર્યું..બીજી તરફ ઇઝરાયેલ પર હુમલા ચથાવત્ રાખવાની હુથીની જાહેરાત
4) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને અવકાશમાં લઈ જતું એક્સિઓમ-૪ મિશન આજે લોંચ થશે
5) ઇગ્લેંડ સામેની પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતનો પાંચ વિકેટે પરાજય

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# SAMVIDHAN DIVAS

આજે સંવિધાન હત્યા દિવસ ઉજવવામાં આવશે. આ દિવસ 25 જૂન 1975 ના રોજ ભારતના બંધારણને કચડી નાખવામાં આવ્યું ત્યારે શું થયું તેની યાદ અપાવે છે. આ દિવસ કટોકટીના અતિરેકથી પીડાતા દરેક વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે. પ્રસ્તુત છે એક અહેવાલ..

(વોઈસકાસ્ટ – અનુપમ )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SAMVIDHAN HATYA DIWAS AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૧૯૭૫માં કટોકટી લાદવા બદલ કોંગ્રેસની ટીકા કરતા કહ્યું છે કે તેનું કારણ દેશની સુરક્ષાનું રક્ષણ કરવું નહીં પરંતુ તત્કાલીન પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીની સત્તા બચાવવાનું હતું. શ્રી શાહે નવી દિલ્હીમાં 'આપત્કાલ કે ૫૦ સાલ' સ્મૃતિ કાર્યક્રમને સંબોધતા આ વાત કહી હતી. તેમણે કહ્યું કે લાખો લોકોએ આ દેશના લોકશાહી માટે લડવા માટે પોતાના જીવન, કારકિર્દી અને પરિવારોનું બલિદાન આપ્યું છે.

(બાઇટ- અમિત શાહ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. PM - MAURITIUS CALL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસના પ્રધાનમંત્રી ડૉ. નવીનચંદ્ર રામગુલામ સાથે વાત કરી છે. ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે બંને નેતાઓએ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.. શ્રી મોદીએ વિઝન મહાસાગર અને ભારતની પડોશી પ્રથમ નીતિ અનુસાર મોરેશિયસની વિકાસ પ્રાથમિકતાઓ પ્રત્યે ભારતની અડગ પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો. બંને નેતાઓએ વિકાસ ભાગીદારી, ક્ષમતા નિર્માણ, સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોકો-થી-લોકોના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગ અંગે પણ ચર્ચા કરી.

પ્રધાનમંત્રી મોદીએ ડૉ. રામગુલામને ભારતની મુલાકાત લેવાનું આમંત્રણ પણ આપ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. RAJNATH - SCO MEETING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી ચીનના કિંગદાઓ ખાતે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. બે દિવસીય બેઠક દરમિયાન, SCO સભ્ય દેશોના સંરક્ષણ મંત્રીઓ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા, આતંકવાદ વિરોધી પ્રયાસો અને તેમના સંરક્ષણ મંત્રાલયો વચ્ચે સહકાર વધારવા સહિતના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

રાજનાથ સિંહ SCOના સિદ્ધાંતો અને આદેશ પ્રત્યે ભારતની અડગ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે તેવી શક્યતા છે.. તેઓ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટેના ભારતના દ્રષ્ટિકોણની રૂપરેખા પણ આપશે.. પ્રદેશમાં આતંકવાદ અને ઉગ્રવાદને દૂર કરવા માટે સહિયારા પ્રયાસો કરવા માટેની આ બેઠકમાં અપીલ કરશે.. બેઠક દરમિયાન, સંરક્ષણ મંત્રી ચીન અને રશિયા સહિત અનેક ભાગ લેનારા દેશોના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય ચર્ચા પણ કરશે.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન 2001 માં સ્થાપિત એક આંતર-સરકારી સંસ્થા છે. ભારત 2017 માં પૂર્ણ સભ્ય બન્યું. વર્તમાન SCO સભ્યોમાં કઝાકિસ્તાન, ચીન, કિર્ગિસ્તાન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ઈરાન, બેલારુસ અને ભારતનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . . .

# GOYAL - 5 TRILLION ECONOMY

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે વૈશ્વિક ઉથલપાથલની વચ્ચે સામૂહિક રાષ્ટ્રીય પ્રયાસોના પરિણામે ભારત 2027 સુધીમાં પાંચ ટ્રિલિયન અમેરિકન ડોલરનું અર્થતંત્ર બનવાના માર્ગ પર છે,. ગઈકાલે મર્ચન્ટ્સ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત વર્ચ્યુઅલ સત્રમાં બોલતા, મંત્રીએ કહ્યું કે સરકારે સેવા, સુશાસન અને નવીનતા પર આધારિત ભારતીય કથા અનુસાર નિયત વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તેમણે 698 બિલિયન યુએસ ડોલરને પહોંચેલા દેશના વિદેશી હૂંડિયામણ ભંડાર, બેંકિંગ ક્ષેત્રની મજબૂત સ્થિતિ અને સૌથી નીચા સ્તરે રહેલા ફુગાવાના સ્તર પર પ્રકાશ પાડ્યો.

કેન્દ્રીય મંત્રીએ યુકે, ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન યુનિયન જેવા વિકસિત અર્થતંત્રો સાથે મુક્ત વેપાર કરારો માટે સરકાર સક્રિય રીતે પ્રયાસ કરી રહી છે. ઉભરતી ટેકનોલોજીઓની સંભાવનાઓ પર બોલતા, શ્રી ગોયલે કહ્યું કે નાના અનુ લધુ ઉદ્યોગોને પ્રાત્સાહિત કરીને ભારત કૃત્રિમ બુદ્ધિ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને 3D પ્રિન્ટિંગ જેવા ક્ષેત્રોમાં અગ્રેસર બનશે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA-CEASEFIRE

ભારતે આજે ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામના અહેવાલો અને અમેરિકા અને કતાર દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાનું સ્વાગત કર્યું છે. એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો છે કે આ ક્ષેત્રમાં અનેક સંઘર્ષોને ઉકેલવા અને ઉકેલવા માટે વાતચીત અને રાજદ્વારી સિવાય કોઈ વિકલ્પ નથી. મંત્રાલયે કહ્યું કે, ભારત આ પ્રયાસોમાં પોતાની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે અને આશા રાખે છે કે તમામ સંબંધિત પક્ષો સતત શાંતિ અને સ્થિરતા માટે કામ કરશે. તેમાં ઉમેર્યું હતું કે નવી દિલ્હી સતત પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતાની સંભાવનાઓ વિશે ચિંતિત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUTERRES - CEASEFIRE

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામની અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતનું સ્વાગત કર્યું છે. બંને દેશોના નાગરિકો ઘણુ બધુ સહન કરી ચૂક્યા હોવાનો ઉલ્લેખ કરીને ગુટેરેસે ઇઝરાયલ અને ઈરાનને યુદ્ધવિરામનું સંપૂર્ણ પાલન કરવા અને લડાઈ બંધ કરવા વિનંતી કરી છે.. મહાસચિવને આશા છે કે આ યુદ્ધવિરામ પ્રદેશના અન્ય સંઘર્ષોમાં પણ લાગુ થઈ શકે છે.

ગઈકાલે અગાઉ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ સત્તાવાર રીતે અમલમાં આવી ગયો છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HOUTHI - CEASEFIRE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરારની જાહેરાત કર્યાના થોડા કલાકો પછી, યમનના હુથી જૂથે જાહેરાત કરી કે તેઓ ઈઝરાયલ વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે. હુથી રાજકીય બ્યુરોના સભ્ય મોહમ્મદ અલ-બુખૈતી દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક નિવેદનમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

હુથી અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગાઝા પર આક્રમણ બંધ ન થાય અને ઘેરો ઉઠાવી લેવામાં ન આવે ત્યાં સુધી ઇઝરાયલ વિરુદ્ધ જૂથની લશ્કરી કાર્યવાહી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AXIOM-4 - LAUNCH

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને અવકાશમાં લઈ જતું એક્સિઓમ-૪ મિશન આજે લોંચ થશે.. ભારતીય સમયાનુસાર બપોરે ૧૨ વાગીને એક મિનિટે , ફ્લોરિડા, અમેરિકામાં  કેનેડી સ્પેસ સેન્ટરથી તેને લોન્ચ કરાશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ISRO એ જણાવ્યું હતું કે, એક્સિઓમ-૪ કાલે બપોરે ૪:30 વાગ્યે, લોન્ચ થયાના લગભગ ૨૮ કલાક પછી, આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે ડોક કરશે. એક્સિઓમ-૪ મિશનનું લોન્ચિંગ, જે શરૂઆતમાં ૨૯ મેના રોજ ઉડાન ભરવાનું હતું, તે ટેકનિકલ સમસ્યાઓ, હવામાન પરિસ્થિતિઓ અને લીકેજને કારણે વારંવાર વિલંબિત થયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. TEST CRICKET - IND - ENG

ટેસ્ટ ક્રિકેટમાં, લીડ્સના હેડિંગ્લી ખાતે એન્ડરસન-તેંડુલકર ક્રિકેટ ટ્રોફીની પહેલી મેચમાં ઇંગ્લેન્ડે ભારતને પાંચ વિકેટથી હરાવ્યું. ૩૭૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ઇંગ્લેન્ડે ટેસ્ટ ઇતિહાસમાં સૌથી વધુ રનનો પીછો કરીને ગઈકાલે અંતિમ દિવસે પાંચ વિકેટે ૩૭૩ રન બનાવીને વિજય મેળવ્યો હતો.. ઓપનર બેન ડકેટના શાનદાર ૧૪૯ રન, જો રૂટના ૫૩ અને જેમી સ્મિથના ઝડપી ૪૪ રનની મદદથી યજમાન ટીમે પાંચ મેચની શ્રેણીમાં ૧-૦ની સરસાઇ મેળવી હતી. ભારત તરફથી પ્રસિદ્ધ કૃષ્ણ અને શાર્દુલ ઠાકુરે બે-બે વિકેટ ઝડપી હતી. ડકેટને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

શ્રેણીની બીજી મેચ આવતા મહિનાની બીજી તારીખથી બર્મિંગહામમાં રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજનાં તમામ અખબારોએ ઇઝરાયેલ-ઇરાન વચ્ચે સંઘર્ષ વિરામના સમાચારને હેડલાઇન બનાવી છે.

ગુજરાત સમાચારની હેડલાઇન છે- નેતન્યાહૂ, ખામેનેઇ અને ટ્રમ્પે નમતું જોખતા મહાયુધ્ધ અટક્યું-

સંદેશ લખે છે- ઇરાન-ઇઝરાયેલની યુધ્ધ વિરામ માટે સંમતિ પછી એકબીજા પર હૂમલા ચાલુ રાખ્યા- ટ્રમ્પના સીઝફાયરને ઇઝરાયેલ-ઇરાન ગાંઠતા નથી

ફુલછાબનું હેડીંગ છે- જંગમાં વિરામ, ભંગ શરૂ

તમામ અખબારોએ રેલવેના ભાડાંમાં 1 જુલાઇથી વધારો થવાનાં સમાચારને સ્થાન આપ્યું છે.

ગુજરાત સમાચાર જણાવે છે કે, ક્રુડતેલમાં તેજી અટકી, આઠ ટકાનો કડાકો. બ્રેન્ટ ક્રુડ બેરલદીઠ 14થી 15 ડોલર તૂટ્યું

તાકીદની સ્થિતિમાં પીએફમાંથી પાંચ લાખ રૂપિયાનો ઉપાડ થઈ શકશે- આ સમાચારને સંદેશ, નવગુજરાત સમય, ફુલછાબે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

ડીજીસીએની દિલ્હી, મુંબઇ સહિત દેશનાં મુખ્ય એરપોર્ટની તપાસમાં ગંભીર ખામીઓ આવી હોવાનાં સમાચારને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે.

ઇન્ડિયન એક્સપ્રેસે 1975માં આજનાં દિવસે દેશમાં લાદવામાં આવેલી કટોકટીને હેડલાઇન બનાવીને તત્કાલીન પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ તે દિવસે રાષ્ટ્રને સંબોધન કર્યું તે સમયની તસવીર પ્રકાશિત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .